JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 13 I Issue 12 I Mumbai I April - 2023 I Price Rs. 25/- I Pages : 52



## પરમ ગુરુદેવની અંતર કરુણામાંથી સર્જાયેલી કલ્યાણની કેડી...

વાંચીએ આ અંકમાં...

# સ્વયંના સુખ કરતા,
# અન્યના દુઃખની ચિંતા થાય,
# તેને કરુણાનો ભાવ કહેવાય!



# मेरी सेवा, मेरा समर्पण!



श्वासों में बहती है सेवा,
अवगुणो से मुक्ति है सेवा...
गुणों की वृद्धि है से.....वा...
परम की भक्ति है सेवा....

Scan to watch on
www.youtube.com/ParasdhamTV

सेवा श्वासों की पहेचान है, परम गुरु से मिला महा वरदान है (2)
वरदान है, वरदान है (2)

अर्हम सेवा में जुड़कर मेरा अहम् नष्ट हो जाए... हो... (2)
मानवता के इस बीज को तेरी करुणा वृक्ष बनाए
हजारों को जब दान करे.. परिग्रह भाव से मुक्ति पाए
निःस्वार्थ सेवा का भाव ये, मेरी रग-रग में समाए
है सेवा... करुणा मेरी धड़कन, मेरी सेवा... मेरा समर्पण (2)

मुस्कान देकर किसी को, एक सत् निमित्त मैं बन पाऊं...
आँसू भरी उन आँखों में, उम्मीद मैं जगा पाऊं...
मेरे पुण्य को... अनेक करें, परम गुरु से मुझको एक करे
शून्य बने अस्तित्व मेरा, विनयगुण से आतम रंग जाए
है सेवा... मेरी धड़कन, मेरी सेवा... मेरा समर्पण (2)

जब देखें मुझको कोई, मुझ में तुझको पाए,
बने सेवा इतनी उत्तम, तुझ जैसा मुझे बनाए....
तुझको करुं क्या मैं अर्पण, आया परमोत्सव का अवसर है
मानवता के महोत्सव पर, मेरा जीवन सेवा को समर्पण है
स्वीकारुं... ऋण हर पल....मेरी सेवा.... मेरा समर्पण (2)

करे आतम विनयवान, ये सेवा...
है जीवन मेरी जान, ये सेवा....
मानवता की पहेचान है सेवा.....
जिनशासन की शान है सेवा....

गणधर... बनने का.... वरदा...न (2) है...... से..... वा....
सेवा..... ये से...... वा......
स्वीकारुं... ऋण हर पल....मेरी सेवा.... मेरा समर्पण (2)

**सौजन्य: गुरुभक्त श्री महेता परिवार**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th April 2023, YEAR: 21, ISSUE - 265

PAGES : 48 + 4 • RETAIL PRICE : ₹ 25




**તીર્થંકર પ્રભુ 'પથદેશક' હોય,**

**ગુરુ કે આચાર્ય 'પથદર્શક' હોય.**

તીર્થંકર પ્રભુ દેશના આપીને, આ જગતને સત્યનો પંથ બતાવે.
પરંતુ ગુરુ કે આચાર્ય પથદર્શક બનીને...
તે સત્યના પંથ પર કેવી રીતે, કયા પ્રકારે ચાલવું તે દર્શાવે.
એક પથદર્શક બનીને હજારો આત્માઓને, પરમ સત્યની મંઝિલ પમાડવા...

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે**
પ્રેરિત કરેલાં કલ્યાણકારી missions અને તેના મહત્વને
**જાણીએ જૈનક્રાંતિના આ અંકમાં!**

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

## : SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

**આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક: +91-9324808181**

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**



# કરુણાનો અક્ષયસ્ત્રોત...

સમયનો પ્રવાહ અનિરુદ્ધ છે, અનવરત-સતત વહી રહ્યો છે.

પરંતુ, દરેક સમયનો પ્રભાવ અલગ-અલગ વર્તાઈ રહ્યો છે.

એક સમય હતો જ્યારે લોકો સરળ અને ઋજુ પ્રકૃત્તિના હતાં. તીર્થંકર પ્રભુના શ્રીમુખેથી માત્ર એક દેશના સાંભળે, માત્ર એક બોધ વચન સાંભળે અને એક સાથે સેંકડો-હજારો આત્માઓ સંયમની સાધનામાં જોડાઈને પોતાનું આત્મ કલ્યાણ કરી લેતાં.

પરંતુ, આજનો પંચમ આરાનો સમય.. તીર્થંકર પ્રભુની અનુપસ્થિતિનો સમય !

પ્રભુ વિહોણા આ સમયમાં, જ્યારે દિવસે-દિવસે લોકો ધર્મથી દૂર થઈને પોતાના આત્માનું અનંત અહિત સર્જી રહ્યાં છે ત્યારે અધર્મ અને પાપમય સંસારમાં રાચી રહેલાં ભવ્ય જીવોને ધર્મ ભાવના સાથે જોડી રાખીને એમનું આત્મહિત કરવા માટેની રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અંતરમાંથી વહેતી કરુણાના અક્ષયસ્ત્રોતમાંથી સર્જાયા...

## પરમ મૈત્રીના missions...
## પરમ કલ્યાણકારી missions!

ધર્મ સાધના માટે કોઈક વ્યક્તિને ધ્યાન પ્રિય હોય તો કોઈને સેવા પ્રિય હોય. કોઈકને જ્ઞાન ભણવું ગમતું હોય તો કોઈકને ભક્તિ ભાવના ગમતી હોય.

પ્રભુ ધર્મના પ્રવતર્ક બનીને દેશ- પરદેશના હજારો ભાવિકોને એમના રસ-રુચિ મૂજબના missionમાં જોડીને પરમ ગુરુદેવ, ન માત્ર એમના આ ભવને સાર્થક કરી રહ્યાં છે પરંતુ કઈ રીતે આ missions દ્વારા એમના આત્મકલ્યાણનું મૈત્રી બંધન કરાવીને પ્રભુને ચિરંજીવી બનાવી રહ્યાં છે, તેની અનુભૂતિ કરીએ આ અંકના પાને-પાને.... !




# પવિત્રતાનું સ્થાન... સાધના મૈત્રીનું ધામ



## આત્મસમાધિની અનુભૂતિ કરાવે 'ધર્મ સંકુલ'

ક્ષણ ક્ષણની હિંસા, માયા-કપટ, વાસના તેમજ પાપ, પાપ અને માત્ર પાપ રંજિત સંસારના અપવિત્ર અશુદ્ધ વાતાવરણથી વિપરીત, જ્યાં ક્ષણે ક્ષણે સાધનાના તરંગો વહેતા હોય, પળે પળે પવિત્ર પરમાણુઓ પ્રસારિત થતાં હોય, અંતરને શાંતિ, સમાધિની અને પ્રભુ પ્રત્યક્ષતાની અનુભૂતિ થતી હોય તેવા ધર્મ સંકુલ, વિષમ આ પંચમ કાળમાં ખારા રણની વચ્ચે મીઠા જળની વીરડી સમાન છે.

ખારા રણ જેવા આ સંસારના પાપમય વાતાવરણથી દૂર, ભવ્ય જીવો માટે સેવા, જીવદયા, માનવતા, આત્મશુદ્ધિ, જ્ઞાન પ્રાપ્તિ અને આત્મ સમાધિ પામવાના પવિત્ર મીઠી વીરડી સમાન સ્થાન એટલે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી અનેક ક્ષેત્રોમાં સ્થાપિત સાધના મૈત્રીનો યોગ કરાવતા ધર્મ સંકુલ !

ભગવાને કહ્યું છે, જે આત્માના 70 ક્રોડાક્રોડી સાગરોપમના અશુભ કર્મોમાંથી 69 ક્રોડાક્રોડી સાગરોપમનાં કર્મ ક્ષય થઈ ગયાં હોય તેવા આત્માને જ આત્માનું અનંત કલ્યાણ કરાવી દેનારા એવા ધર્મક્ષેત્રના પગથિયા ચડવાના ભાવ થતાં હોય છે.

પરમ ગુરુદેવની પરમ ઉપકારી કલ્પનાના જીવંત સ્વરૂપ સમાન સ્થાપિત થયેલાં એ કલ્યાણકારી ધર્મ સંકુલોમાં નિરંતર દિવ્યતા પ્રસરી રહી છે.

### શ્રદ્ધા આસ્થાની દિવ્ય ઘટિકા, શ્રી ઉવસગ્ગહર સિદ્ધપીઠિકા:

હજારો ભાવિકોની શ્રદ્ધા, આસ્થા અને સાધનાના કેન્દ્રબિંદુ સમાન શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર પટ અને દિવ્યસિદ્ધ પીઠિકા પરમ ગુરુદેવ પ્રેરિત દરેક ધર્મસંકુલમાં દેવાધિષ્ઠિત, પ્રાણ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. જ્યાં નિરંતર શ્રી પાર્શ્વનાથ પરમાત્માની ઉત્કૃષ્ટ ભક્તિ સ્વરૂપ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો નાદ ગૂંજી રહ્યો છે.

### શાંતિના ધામ, માંગલ્યના ધામ:

જ્યાં અણુ અણુમાં પૂજ્ય ગુરુ ભગવંત અને અનેક સંયમી આત્માઓની સંયમ સાધનાના, પ્રભુની જ્ઞાનવાણીના, ધ્યાન સાધના, જપ સાધના, તપ સાધના, અને સેવાની સાધનાના પાવન પરમાણુઓ સમાયા છે, એવા આ ધર્મ સંકુલોમાં જ્ઞાનવર્ધક પુસ્તકોની library પણ છે અને ત્યાં આવનારા ભાવિકો માટે શુદ્ધ સાત્વિક ભોજન પીરસતી ભોજનશાળા પણ છે. પારસધામ કોલકાતા સંકુલ 32 આગમથી સમૃદ્ધ આગમમંદિરથી શોભી રહ્યું છે તો પરમધામ સંકુલ લીલીછમ વનરાજી અને ગૌશાળાથી ગૂંજી રહ્યું છે.

### સંકુલ એક સત્કાર્યો અનેક:

પ્રભુ ભક્તિ અને પ્રભુ વચનોના શ્રવણ સાથે Look n Learnના બાળકો પણ જ્યાં સંસ્કારિત થાય, દીદીઓ પણ જ્યાં પ્રશિક્ષિત થાય, શાસ્ત્ર અભ્યાસ થાય, AYSGના free medical check-up camp અને રક્તદાન શિબિર જેવા આયોજન પણ થાય, જરૂરિયાતમંદોની સેવા પણ થાય અને માનવતાના કાર્યો પણ જ્યાં થાય અને વિશેષ તો કોરોના મહામારી જેવા સમયમાં Governmentને helpful થવા માટે Covid Care Centre પણ જ્યાં બની જાય એવા પરમ ગુરુદેવ પ્રેરિત દરેક સંકુલ જીવદયા, માનવતા અને સાધનાનું all in one પવિત્ર spot બની રહે છે. **આવા પવિત્ર સ્થાનનો લાભ લઇને આપણે પણ આત્મશુદ્ધિ કરીએ.**

શ્રી ઉવસગ્ગહરં સાધના ભવન
રાજકોટ - 2005



PARASDHAM
ઘાટકોપર, મુંબઈ - 2007



PAWANDHAM
કાંદિવલી, મુંબઈ - 2010



PAWANDHAM
વડોદરા - 2011



PARASDHAM
કોલકાતા - 2013



PAWANDHAM
હાવડા - 2013



PARAMDHAM
પરમધામ-પડઘા (મહારાષ્ટ્ર) - 2014



PARASDHAM
જામનગર - 2015



PARASDHAM
લાઠી - 2022



PARASDHAM
ગિરનાર (under construction - નિર્માણાધિન) - 2023



PARASDHAM
DUBAI (UAE)

PARASDHAM
USA

# શુભનો પ્રયોગ... આત્મમૈત્રીનો યોગ

Divine drive
aatma yatra

## શુભ દિશામાં યોગોને drive કરાવે



આત્માનું મન-વચન અને કાયા સાથેનું જોડાણ તેને યોગ કહેવાય છે. મનયોગ, વચનયોગ અને કાયયોગ જ્યારે આત્માને ભૂલીને 'પર' માં ભળે છે, અશુભમાં ભળે છે, ત્યારે પાપકર્મનો બંધ થાય છે અને એ પાપકર્મના કારણે આત્માને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. માટે જ, મન-વચન અને કાયાના યોગોને શુદ્ધિની દિશા તરફ લઈ જવા, યોગોને સંયમિત રાખવા તેને સાધના કહેવાય છે.

સાધના એટલે શુદ્ધિ. સાધના ચાહે નાની હોય કે મોટી પણ જે સાધના દ્વારા અવગુણોની, પાપ-દોષોની, આત્માની શુદ્ધિ થાય તે જ યથાર્થ સાધના હોય અને જો શુદ્ધિ ન થતી હોય તો માત્ર પુણ્યબંધની ક્રિયા હોય. માટે જ, સાધના તે ક્યારેય ક્રિયાનો વિષય ન હોય, સાધના તે આત્મઅનુભૂતિનો, આત્મશુદ્ધિની અને આત્મગુણોની અનુભૂતિનો વિષય હોય.

પંચમ આરાના આજના સમયમાં કદાચ સંયોગો અને પરિસ્થિતિના કારણે બહુ મોટી ઉગ્ર તપ સાધના કરવાનું સામર્થ્ય ન હોય, મોટા મોટા સૂત્રો અને તત્ત્વજ્ઞાનની ગહન વાતો કદાચ ન સમજાતી હોય, કોઈ એવી ઉત્કૃષ્ટ સાધના-આરાધનાઓ કરવી શક્ય ન બનતી હોય, નિયમિતરૂપે ધર્મ ક્ષેત્રમાં જઈને પ્રભુવાણીનું શ્રવણ પણ ન થતું હોય, પરંતુ નાની નાની સાધના દ્વારા આત્માની શુદ્ધિ અને આત્મકલ્યાણ કરવા ઈચ્છતાં ભાવિકોને સાધનાના બિંદુથી આત્મશુદ્ધિના સિંધુ તરફ લઈ જનારો આત્મમૈત્રીનો યોગ એટલે "Divine Drive Mission".

ભગવાન મહાવીરે કહ્યું છે, **'जे आसवा ते परिसवा...'**

જે આશ્રવનું કારણ છે, એટલે કે જે કર્મબંધનું કારણ છે, તે જ કર્મક્ષયનું પણ કારણ બની શકે છે. જે સંસારવૃદ્ધિનું કારણ છે, તે જ આત્મશુદ્ધિનું કારણ પણ બની શકે છે.

ભગવાનના આ સિદ્ધાંતને અનુસરીને આજના સમયનું કર્મ બંધનું કારણ રહેલા એવા 'mobile'નો ઉપયોગ Divine Driveમાં કર્મક્ષય માટે કરવામાં આવે છે.

### Divine Driveનું Design Work:

પાપ-દોષોનું અવલોકન કરીને, આત્મભાવોની અનુપ્રેક્ષા કરતાં કરતાં, શુદ્ધિની સાધનામાં મન, વચન અને કાયાનું driving કરતાં કરતાં આત્મવિકાસના એક પછી એક milestoneને achieve કરવાની unique designથી ચાલી રહ્યું છે, આ mobile app આધારિત Divine Drive Mission!

આ missionથી જોડાયેલાં ભાવિકોને દર અઠવાડિયાની એક નવી theme આપવામાં

આવે છે. તે themeને અનુલક્ષીને તે અઠવાડિયાના 4 task -નિત્યક્રમ, ભાવતરંગ, સાધના અને MVK challengeને fulfill કરાવીને આત્મવિકાસ કરાવવામાં આવે છે.
જેમ કે,

## Theme of the week: અભિપ્રાય મુક્તિ

**નિત્યક્રમ:** કોઈપણ વસ્તુ - વ્યક્તિ-પરિસ્થિતિ કે આહાર પ્રત્યે કોઈપણ પ્રકારનો અભિપ્રાય આપવો નહીં, એટલે કે, આજના દિવસે દરેક વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિ પ્રત્યે સ્વીકારભાવ રાખવાની સાવધાની રાખવી.

**ભાવતરંગ:** તમારા ભાવોમાં કોઈપણ વસ્તુ-વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રત્યે જે અભિપ્રાય set થયાં છે, તે કેટલાં પ્રમાણભૂત છે ? તેમાં કેટલું સત્ય અને તથ્ય છે તેનું અવલોકન કરો.

**સાધના:** પ્રભુ ચરણમાં 'હે પ્રભુ! હું દરેક સંયોગો અને સ્થિતિનો સ્વીકાર કરું છું' આવી પ્રાર્થના 27 વખત કરવી.

**MVK Challenge (મન-વચન-કાયા challenge):** એક પગ ઉપર ઉભા રહીને, બે કાન પકડીને પ્રભુના ચરણમાં ક્ષમાયાચના કરો કે, હે પ્રભુ! કોઈની પણ પ્રત્યેની મારી અભિપ્રાયવૃત્તિના અપરાધની મને ક્ષમા આપો. અભિપ્રાય મુક્ત બનવાની મારા પર કૃપા વરસાવો!

આ ચાર task સાથે આત્મવિકાસનો અન્ય એક પ્રયોગ પણ આપવામાં આવે.
જેમ કે,

## Milestone:

ગુરુ ભગવંતનો અમૂલ્ય બોધ અન્યને પણ પમાડો. પ્રભુનો બોધ પામીને જો કોઈ આત્માને સમકિતની પ્રાપ્તિ થઈ જાય તો બોધ પમાડનારને શાતા વેદનીય કર્મનો શુભ બંધ અને ભદ્ર પુણ્ય કર્મ ઉપાર્જન થઈ જાય. માટે અન્યને પ્રભુનો બોધ પમાડી તેના માટે સત્નું નિમિત્ત બનવું.

આ milestoneની સાથે પ્રજ્ઞા શક્તિને ખીલવતી quiz પણ આપવામાં આવે.

બધાં જ task fulfill કર્યા પછી કયા ભાવિકે આ weekમાં કેટલો આત્મવિકાસ કર્યો તેનો graph, તેનો progress report પણ કર્મ level, આગમ level તેમજ confession and clarity levelના આધારે app પર મૂકવામાં આવે અને સાથે સાથે પ્રભુનો કયો બોધ કે કયા ભક્તિગીતના કયા ભાવ, કોના હૃદયને કેવી અનુભૂતિ કરાવી ગયાં તેનું sharing પણ થાય.

વર્ષ 2016માં માત્ર થોડાક ભાવિકોના registraton સાથે પ્રારંભ કરવામાં આવેલા આ missionમાં આજે સમગ્ર મુંબઈ, દિલ્હી, કોલકાતા, ચેન્નઈ, અમદાવાદ, હૈદરાબાદ, રાજકોટ, જુનાગઢ, બરોડા, પુના, યવતમાલ, નાસિક, ઇન્દોર, રાઉરકેલા, મૈસુર, પટના, પુનડી આદિ દેશના અનેક ક્ષેત્રોની સાથે વિદેશના UK, Yuganda, UAE, Sudan, Singapore, Sharjah, London, Malaysia, Nairobi તેમજ અમેરિકાના Los angeles, Washington DC, New York, Seattle જેવા અનેક ક્ષેત્રોના હજારો ભાવિકો જોડાઈને આત્મશુદ્ધિની દિશામાં આગળ વધી રહ્યા છે.

આ missionમાં જોડાઈને અનેક ભાવિકોની જીવનશૈલી બદલાઈ, અનેકોની પાપમય કાર્યશૈલી બદલાઈ, અનેકોની અયોગ્ય વિચારશૈલી બદલાઈ અનેકોના અયોગ્ય વાણી-વર્તન બદલાયા, કેટલાંય આત્માનો ભાવ સંસાર તૂટી ગયો, કલેશ અને અશાંતિથી ઘેરાયેલા કેટલાંય પરિવારોમાં શાંતિ સ્થપાઈ, તૂટું તૂટું થતા અનેકોના સંબંધો ફરીને સ્નેહ અને સમજણના આધારે જોડાઈ ગયા, અનેક ભાવિકોના જીવન સાર્થક થઈ ગયા.



દરિયા કિનારે સત્ય પ્રાપ્તિનો practical પ્રયોગ

માત્ર યુવાનો અને વડીલો માટે જ નહીં પરંતુ નાના બાળકો માટે પણ બાળશૈલીમાં ચાલી રહ્યું છે, "Look n Learn Divine Drive" જેમાં હજારો બાળકો જોડાઈને નાના નાના પાપદોષોથી બચીને સાચી સમજણથી સંસ્કારિત બની રહ્યા છે.

આમ, આ missionના માધ્યમે સ્વયંનો પ્રયોગ, સ્વયંના ભાવોનું અવલોકન અને સાધના, આત્મશુદ્ધિની અનુભૂતિ કરાવી જાય. પોતાના આત્મવિકાસના graphને up કરવા માટે આખો દિવસ, મન-વચન અને કાયા સતત જાગૃત દશામાં રહે, (શુભ દશામાં રહે), જાગૃતિના કારણે પાપ કર્મનો બંધ ઓછો થાય, ધીમે-ધીમે ભાવવિશુદ્ધિ થતી જાય, આત્મ અનુસંધાન થતું જાય એટલે લાંબા લાંબા પ્રવચન શ્રવણ પછી પણ ન થાય એવું જીવન પરિવર્તન Divine Driveની નાની નાની સાધના દ્વારા થઈ જાય.




ધ્યાન સાધનામાં મગ્ન બનીને 'સ્વ' મિલનનો પ્રયોગ



ગુરુ સત્સંગનો અવસર

## આપણે પણ વિચારીએ,

આપણા મન-વચન-કાયાના યોગોનું driving કઈ દિશામાં થઈ રહ્યું છે ? યોગ્ય અને સત્‌ની દિશામાં આગળ વધવા આપણે પણ જોડાઈએ, ભવ-ભવાંતરના કલ્યાણ તરફ drive કરી જઈએ !




An app that speaks to you, reminds you and keeps you motivated to find the real purpose of your life!

**For joining Divine Drive**

+91 86574 84481 http://divine-drive.parasdham.org/

# મારા ભાવ, મારી અનુભૂતિ



❝ પરમ ગુરુદેવના બોધવચનો સાંભળ્યા અને task attend કરી next birth માટે વિચારતી થઈ ગઈ છું. અપ્રિય ઘટનાઓથી selfને disconnect કરતી થઈ ગઈ છું. Let go કરીને હળવાશ અનુભવી રહી છું.

**-શ્રી અલ્પાદીદી હપાણી**
(કોલકાતા)

❝ સવારથી જ નક્કી થઈ જાય છે કે આજનો દિવસ મારે કેવી રીતે પસાર કરવાનો છે. Taskથી કષાય રહિત થવાની પ્રેરણા મળે છે. 'જે કંઈ પણ થાય છે, તેનો મનમાં સંગ્રહ નથી કરવાનો.' એ day to day lifeમાં એકદમ વણાઈ ગયું છે.

**-શ્રી વસંતદીદી શાહ**

❝ સ્વીકારભાવને કારણે હળવાશનો અનુભવ થાય છે. Task કરીને પ્રભુની સમીપ એક ડગલું વધ્યાની અનુભૂતિ થાય છે. આત્મવિશ્વાસ આવે છે કે એક દિવસ હું પણ પ્રભુ જેવી બની શકીશ. 'સ્વ'ને મળવાની તક મળે છે.

**-શ્રી કાજલદીદી ખંડેરિયા**
(ચેન્નાઈ)

❝ આ journey ખૂબ interesting છે. 'સ્વ' સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે. 'પરમાત્મા આ situationમાં શું કરતા હશે ?' એવા વિચાર task કરતી વખતે આવે છે. મારા માટે task traffic signalની (stop, think, act) જેમ કાર્યરત છે. 'મારા કહ્યાં પ્રમાણે થાય' એવો અભિગમ બદલાયો છે.

**-શ્રી સંગીતાદીદી દોશી**
(Dubai)

❝ Taskથી દિવસની શરૂઆત થાય છે. કર્મ સિદ્ધાંતને practically સમજવાની અને અનુભવવાની આ journey અદ્ભૂત છે. જીવનમાં જે છે, જેવું છે તે સ્વીકારવું એવો સ્વીકારભાવ શીખવે છે.

**-શ્રી હેતલદીદી ગાંધી**
(મુંબઈ)

❝ ભાવ અને શ્રદ્ધાથી સમજાવેલી ત્રિપદી હૃદય સ્પર્શી હતી. પ્રભુ પ્રત્યે તો ઉપકાર ભાવ હોય જ પરંતુ એમના ગણધર અને ત્રિપદી પ્રત્યે પણ એક ઉપકાર ભાવ ઉદ્‌ભવ્યો. મને આ મિશન, આ જ્ઞાન આપવા માટે પરમ ગુરુદેવ આપને શત-શત વંદન.

**-શ્રી નિરવભાઈ વોરા**
(રાજકોટ)

❝ My 8-days Experience of Meditation. As I started meditating I noticed that my breath was fast shallow and irregular. But as I kept going, the breath became more softer, deeper and rhythmic. Mind became busy enjoying this beautiful and relaxing feeling. As a result, all the senses became free from mind's constant commands. This resulted in total mind and body relaxation. It felt so peaceful that I didn't realize how ten minutes passed by so quickly. It was a beautiful experience to have the great beginning each day. Thanks Gurudev for such creative suggestions.

**-Hardikadidi Mehta**
USA

❝ Since birth I knew I am a Jain and learnt some values from my elders and Jain gurus. But I always lacked clarity about many aspects of our religion. Ever since I joined the "Divine Drive" application I learnt the true meaning of Jainism and its application in day to day life. The literature I read, viewed or listened and tasks which I performed made me learn lot of practical aspects of Jainism. I was so enlightened to learn new things about Jain philosophy, Siddhant of karma, importance of charity (daan), fasting (tapp) and devotion (bhakti) and incorporate in my life. Gurudev's preaching motivated me and made transformational change in my beliefs and how I perceive people around me by virtue of Bhavna and karma. I am extremely grateful to be introduced to this application and blessed to be learning from Param Gurudev's vaani."

**-Bakulesh Pranlal Doshi**
Ahmedabad



• Best compliments: Shri Kamdar Parivar •

# વાત્સલ્યનો નાદ... સંસ્કારમૈત્રીનો અનુનાદ

## ભાવિના ભગવાનનું સર્જન કરે




કોરા canvas પર જે પ્રકારની સૃષ્ટિનું સર્જન કરવું હોય તે કરી શકાય. ચિત્રકાર ચાહે તો ઉજ્જડ-વેરાન જંગલ પણ સર્જી શકે અને ચાહે તો સુંદર ફૂલોથી શોભતું garden પણ સર્જી શકે.

કોરા canvas જેવું હોય છે બાળ માનસ. દુર્ગુણોનું સંસ્કરણ થાય તો અધર્મી અને પાપમય ભવિષ્યનું સર્જન થઈ જાય અને ગુણોનું સંસ્કરણ થાય તો ભાવિની ભગવંતતા સર્જાઈ જાય !

ચારે તરફ કુસંસ્કારોથી ઊભરતાં આ કાળમાં ઉછરતાં બાળકો, ધર્મ કેવી રીતે પામશે ? એમના આત્માનું શું થશે ? એવી અંતરની હિતચિંતા સાથે, આજના બાળકોમાં ભાવિના સંત, ભાવિના આચાર્ય કે ગણધર કે ભાવિના ભગવાનપણાનું સંસ્કરણ કરવાના પરમ ગુરુદેવના જબરદસ્ત સામર્થ્યથી સર્જાયું, પરમ પરમ ઉપકારી mission....Look n Learn ! પરંતુ આજના superfast hi-fi યુગના super smart બાળકોને યુગો યુગો પહેલાં પ્રભુએ પ્રગટ કરેલાં સિદ્ધાંતોની સમજ આપવી કઈ રીતે ? સમય બદલાઈ ગયો છે. સમયની સાથે સાથે ઘણું બધું બદલાઈ ગયું છે, ત્યારે Technologyના ઉપયોગ સાથે play way methodથી એમને વાત્સલ્ય અને પ્રેમ આપીને સદ્‌ગુણોનું moulding કરતો સંસ્કાર મૈત્રીનો યોગ એટલે ‘Look n Learn’ !

### Look n Learn - પરમ ગુરુદેવનો ‘secret agenda’:

Look n Learnમાં બાળકોને ભણાવવા માટે, સૌથી પહેલાં દીદીએ ભણવું પડે. એટલે પરમ ગુરુદેવ દ્વારા દીદીને પ્રશિક્ષિત કરવામાં આવે. દીદી જ્ઞાનથી સંસ્કારિત બને, ગુણોથી સંસ્કારિત બને એટલે જાણે-અજાણે દીદીના ઘર-પરિવાર અને મિત્ર વર્તુળના સભ્યોમાં પણ



જ્ઞાનદાતા દીદીને એકાગ્ર કરાવતી ધ્યાન સાધના

ધીમે ધીમે એ સંસ્કાર આવવા લાગે. દીદી બાળકોને ભણાવે. બાળકોમાં આવેલા સંસ્કારથી તેમના માતા-પિતા પણ ધીમે ધીમે સંસ્કારિત થાય.

જેમ કે, પરમ ગુરુદેવ દ્વારા દીદીને સમજાવવામાં આવ્યું કે, કંદમૂળ ખાવાથી અનંત જીવોની હિંસા થાય. આ સંસ્કાર સેંકડો દીદીમાં આવે, સેંકડો દીદીના હજારો પરિવારજનોમાં આવે, હજારો બાળકોમાં આ સંસ્કાર આવે. હજારો બાળકોના માતા-પિતામાં આ સંસ્કાર આવે.

આમ, એક બહોળા સુસંસ્કારી સમાજનું નિર્માણ થાય. આવા સંસ્કારોના કારણે બાળક મોટો થઈને સંત બને. સંત બનીને હજારોને બોધિત કરે. સંત બને એટલે ભગવાનપણાના બીજ રોપાઈ જાય. કદાચ સંત ન બની શકે તો શ્રાવક બની જાય અને કેટલાંય પાપોથી બચી જાય. કદાચ શ્રાવક ન બને તો સજ્જન બનીને અનેક દુર્ગુણોથી બચી જાય. કદાચ સજ્જન પણ ન બની શકે તો at least કોઈ બહુ મોટું ખોટું કાર્ય કરતા તો અવશ્ય બચી જાય.

## Look n Learn દીદી - શાસનરક્ષિકાનું qualification:

પ્રભુના શાસનની પ્રભાવના કરનારા દીદીને શાસનરક્ષિકાના બિરુદથી સન્માનિત કરવામાં આવ્યાં છે. બાળકોનો class લેતાં પહેલાં એમને special training આપવામાં આવે છે. પ્રેમ અને વાત્સલ્ય ભાવ તે દીદીની મુખ્ય quality હોય. તેનો અવાજ મૃદુ હોય, દીદી polite હોય, વિનમ્ર હોય, simple sober હોય, મંત્ર સાધક હોય, નિષ્ઠાવાન હોય, પુરુષાર્થશીલ હોય અને પ્રભુની વાતને બાળકોની deep down memoryમાં install કરાવી શકે એવી પ્રભાવક અને અસરકારક ભણાવવાની શૈલી હોય.



LnL didis training class

## Look n Learnની creative pattern:

આજના બાળકોને જો સીધે સીધું એમ કહેવામાં આવે કે, crackers ન ફોડવા જોઈએ તો તે easily accept નહીં કરી શકે. તેને logic જોઈએ છે, દરેક વાતનું reason જોઈએ, પોતાને શું મળશે ? તે benefit જોઈએ. આ બધું creative wayથી એને સમજાવવું પડે. માટે જ, Look n Learn પાસે છે ભણાવવાની એક different pattern.



Exhibitionના મુલાકાતી ભાવિકોને બાળકો દ્વારા પ્રભુના સિદ્ધાંતોની સમજણ

## જ્ઞાન અને ગમ્મતનું Creative Fusion:

દરેક બાળકને game રમવી અત્યંત પ્રિય હોય. કોઈપણ gameમાં classના દરેક બાળક involve પણ થઈ શકે અને રમતા-રમતા પ્રભુના જ્ઞાનને સહેલાઈથી સમજી પણ શકે. એની સાથે-સાથે, સમયે-સમયે art n craft, drawing, painting આદિ કલાના માધ્યમે બાળકોને moral values પણ સમજાવવામાં આવે અને એમની આંતરિક શક્તિઓને ખીલવવાનું platform પણ આપવામાં આવે.



બાળકોના પ્રિય cartoon characters આવ્યાં સૂત્ર કંઠસ્થ કરાવવા

## દશ્યો અંતરદષ્ટિને ખોલે:

શબ્દો કરતા દશ્યો હંમેશા હ્રદય પર વધારે અસર કરતા હોય છે. માટે જ, કોઈપણ વિષયને સમજાવવા માટે colourful charts, flex banners, આકર્ષક models અને વિવિધ પ્રકારના teaching aids સાથે અહીં ભણાવવામાં આવતા, બાળકો ઉત્સાહપૂર્વક સહેલાઈથી દરેક વિષયને સમજી લે છે.

Look n Learn Home Project અંતર્ગત ઘરમાં પણ બાળકોના Look n Learn style class લેવાય.



Colourful charts કહી રહ્યાં ચંદનબાળાની story

## The show:

ઘણીવાર મનોરંજન પણ મનોમંથનનું કારણ બની જાય. મનોરંજનના માધ્યમે કોઈક વિષયને સમજાવવા માટે drama, puppet show, shadow showની સાથે સાથે જ રસપ્રદ talk show પણ યોજાય. ક્યારેક powerpoint presentation તો ક્યારેક 3D project, ક્યારેક animation તો ક્યારેક audio - visualના માધ્યમથી પણ બાળકોને ભણાવવામાં આવે.




અદ્ભુત નાટિકા દ્વારા જીવદયાનો સંદેશ

## જીવદયા-માનવતાનું સંસ્કરણઃ

બાળ હૃદયને માત્ર ધર્મના સિદ્ધાંતોથી જ નહીં પરંતુ દાન ભાવના, કરુણા અને માનવતાથી સંસ્કારિત કરવા માટે અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ, પાંજરાપોળ જેવા સ્થાન પર એમને લઈ જઈને ભોજન, વસ્ત્ર,જરૂરિયાતમંદ વસ્તુઓ આદિનું દાન કરાવવામાં આવે. આશ્રમના લોકો સાથે time spend કરાવીને, ગરીબ બાળકોને fees, ભોજન આપીને, પશુ-પંખીને ભોજન, ઘાસચારો, doggyને રોટલી આપીને તેમજ કતલખાને જતાં અબોલ જીવોને છોડાવીને કરુણાના સંસ્કાર જાગૃત કરાવવામાં આવે.



માતા-પિતાના ચરણ પૂજન દ્વારા બાળકોનું વિનય સંસ્કરણ



બકરી માટે lunch



Thank you પ્રભુજી ! poor બાળકોને દાન કરવાની અમને તક આપી

## ઉત્સવ celebration:

Look n Learnની દિપાવલી એટલે no crackers but sweet distribution to poor, મકરસંક્રાંતિ એટલે no kite flying! હોળી હોય કે જન્માષ્ટમી હોય કે પછી પ્રભુનો જન્મોત્સવ હોય દરેક તહેવાર અને special days માનવતા અને જીવદયાના સત્કાર્યો સાથે ઉજવાય.

દીદી પાસેથી સાચી સમજણ પામતાં-પામતાં અનેક-અનેક બાળકો પોતાના birthday જેવા special daysનું celebration પણ party કરીને કે hotel માં જઇને નહીં પણ કોઇ દુ:ખી જીવને શાતા પમાડીને કરવા લાગ્યા છે.



તમને પણ ભૂખ લાગી હશે ને, **Apple** ખાઈ લો !

## Look n Learn બાળ ઉત્સવ:

પરમ ગુરુદેવના સાંનિધ્યે અનેક આત્માઓના થતાં દીક્ષા મહોત્સવમાં LnLના બાળકો માટે બાલ દીક્ષા મહોત્સવ યોજાય, પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં બાલ પર્યુષણ યોજાય, નાના-નાના બાળસહજ પાપોની આલોચના માટે બાલ આલોચના યોજાય અને જ્ઞાન પંચમીના અવસરે જ્ઞાન પૂજન વિધિ જેવા આયોજન દ્વારા બાળકોની આત્મશુદ્ધિ અને આત્મવિકાસ કરાવવામાં આવે.



**I am sorry પ્રભુજી 'બાલ આલોચના'**

## Look n Learn સંસ્કારધામ:

Look n Learnના દરેક centre પોતાની આસપાસના કોઈક એક પછાત village કે શાળાને adopt કરીને મહિનામાં બે વખત જઈને ત્યાના આદિવાસી ગામવાસીઓને કે બાળકોને moral valuesના પાઠ ભણાવીને એમને પણ સંસ્કારિત કરે. Parents classના માધ્યમે દીદી બાળકોના parentsને પણ સંસ્કારિત કરે છે.



**Good luck જાગ્યાં આદિવાસી બાળકોના, પ્રભુનું જ્ઞાન પામી રહ્યાં**

## Training Program:

Look n Learnના વિકાસ, બાળકો અને દીદીના વિકાસ માટે સમયે સમયે પરમ ગુરુદેવના training session યોજાય, seminars યોજાય, parents-teacher meeting યોજાય, પ્રેરણાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય અને ભવ્ય exhibitionsના આયોજન દ્વારા બહોળા જન સમુદાયમાં પ્રભુનો પાવન સંદેશ પ્રસારિત કરવામાં આવે.




**You are right પ્રભુજી, આમાં infinite જીવો છે !**



**Look N Learn, Fun N Learn**

## આવશ્યક મહોત્સવ:

LnLમાં આવશ્યક મહોત્સવ જેવી અલગ અલગ theme પર આખું વર્ષ ઉજવાય. LnLના દરેકે દરેક સેન્ટર્સમાં એક સાથે ઉજવાતા આવશ્યક મહોત્સવ દરમિયાન દરેક બાળકોને પ્રભુના આગમ શ્રી આવશ્યક સૂત્ર આધારિત શ્રી સામાયિક સૂત્ર અને શ્રી પ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત કંઠસ્થ કરાવીને જ્ઞાનવૃદ્ધિ કરાવવામાં આવે. બાળકો ન માત્ર સૂત્ર કંઠસ્થ કરે, પણ પરમ ગુરુદેવના સાંનિધ્યે ઉજવાતા મહોત્સવમાં હજારો ભાવિકો સમક્ષ તેનું પઠન કરીને સહુને પ્રેરિત પણ કરે.



ગુરુ સાંનિધ્યે જ્ઞાન પૂજન આરાધના

## Look n Learnનું big Family:

સમગ્ર દેશ તેમજ વિદેશના દુબઈ, અબુધાબી, શારજાહ, લંડન, મલેશિયા, સુદાન અને અમેરિકાના મળીને 90થી વધારે centresમાં 740થી પણ વધુ દીદી અને Sirના સહયોગે આજ સુધી હજારો બાળકોને સંસ્કારિત કરીને એમનું જીવન પરિવર્તન, વિચાર પરિવર્તન, ભાવ પરિવર્તન અને ભાવિનું પરિવર્તન કરવામાં આવ્યું છે.



કાશી-બનારસમાં training શિબિર



ગુરુમુખેથી New year માંગલિક શ્રવણ



Welcome-Welcome ગુરુદેવ !

**100+** centres

**1,72,000+** students graduated

**850+** Teachers

**For joining Look n Learn Jain Gyan Dham**

+91 86574 84478 https://parasdham.org/look-n-learn-jain-gyan-dham/

# મારા ભાવ, મારી અનુભૂતિ



“ Look n Learn મારા જીવનનો એક અભિન્ન ભાગ છે. Look n Learnમાં આવવાની હંમેશા ઉત્સુકતા રહે છે. બીજા જીવો પ્રત્યે કરુણાભાવ, honesty, દાન, સેવા, હંમેશા positive રહેવું જેવી value ખૂબ સુંદર રીતે શિખવાડવામાં આવે છે. **તહેવારોના celebrationની સાચી રીત સમજાઈ છે. ફટાકડા ન ફોડીને, હોળી ન રમીને મારો આત્મા અનંત જીવ હિંસાથી બચી શક્યો છે.** Annual Day અને માનવતા મહોત્સવની ઉજવણી fun તો કરાવે જ છે પણ સાથે સાથે સત્ કાર્યો પણ કરાવે છે.

**-દિયા શાંતનુભાઈ મહેતા**
11 years (પાવનધામ-મુંબઈ)
L N L Kids

“ Look n Learnના કારણે મારું જીવન પરિવર્તિત થયું છે. મારા ગુસ્સા પર control આવવાની સાથે બીજા પ્રત્યે respectના ભાવ પણ આવ્યા છે. Caringનો ગુણ વિકાસ પામ્યો છે. LnLની Creative teaching technique મને ખૂબ ગમે છે. **Dramaમાં play કરેલો પરમ ગુરુદેવનો role ખૂબ memorable છે.** કર્મના સિદ્ધાંતને સમજીને પતંગ ચગાવવાનો, ફટાકડા ફોડવાનો, હોળી રમવાનો ત્યાગ કરી દીધો છે.

**-કુશ મોદી,**
15 years (હૈદરાબાદ)
L N L Kids

“ Look n Learnમાં આવ્યા પછી parentsને જય જિનેન્દ્ર, સૂતા પહેલાં દરેક જીવોને ખમાવીને સૂવાનું જેવી good habits અને સામાયિક શીખી ગઈ છું. Look n Learnમાંથી ગરીબ બાળકોને donate કરવાની જે gift મળે છે, તેનાથી તેમના પ્રત્યે કરુણાભાવ આવ્યો છે. હવે હું મારો birthday needy peopleને help કરીને જ celebrate કરું છું. ગમ્મત સાથે મળતું ધર્મનું જ્ઞાન joyful લાગે છે.

**-યશ્વી શાહ**
8 years (જેતપુર)
L N L Kids

“ દીદીઓ સાથે ઘરે ઘરે જઈ આગમની પધરામણી કરાવવી, સંઘ પૂજન, પસ્તી collection, poor kidsને જ્ઞાનની વસ્તુઓનું દાન, ગરીબોની વસ્તીમાં જઈને મહાવીર જયંતિનું celebration આવું બધું Look n Learnની એક ખાસ વિશેષતા છે. અહીંથી practical પ્રયોગો દ્વારા મળતું જ્ઞાન amazing છે. **મારો stage fear દૂર થયો છે, મારામાં confidence આવ્યો છે.** વડીલોને respect, વડીલોને help જેવી good habits શીખવા મળી છે.

**-વિનીત બાવીશી**
8 years (જેતપુર)
L N L Kids

“ During the time of Covid-19, it was possible to maintain mental well-being by living a lifestyle based on the values of Jainism that we learned in the past. Today, because of these learned values, I am able to be a son, friend, and doctor with positive energy, a calm demeanor, and a smiling face. Even though I am currently in the USA, I remain mentally connected to LnL.

**-Shri Rishabh Shah**
(LnL ex-student - USA)
L N L Kids

“ The skills we possess are nourished and brought to light through competition. By participating in music competitions, my skills were brought to light, and today I have become a professional singer, composer, and music director. LnL is the birthplace of my professional journey.

**-Shri Dhruvi Didi Bharvada**
(LnL ex-student - Ghatkopar)
L N L Kids

“ I am Sindhi. During a special class on Diwali, I learned about animal cruelty and environmental harm and joined the "Say no to crackers" campaign. Slowly, this campaign reached schools and colleges. Eventually, running groups also joined this campaign and an organization named B2W was started. As the youngest member, I was honored with the "Param Award," and I found the purpose of my life.

**-Shri Jay Aswani**
(LnL ex-student - Chennai)
L N L Kids

• Best compliments: Shri Gurubhakt Parivar •

“ Look n Learnમાં જોડાયા બાદ મને ધર્મની સાચી સમજણ અને દિશા મળી. પરમ ગુરુદેવ સતત સાથે હોવાની પ્રતીતિ થાય છે. Kidsને ભણાવતા ભણાવતા ‘સ્વ’ આત્મ કલ્યાણના માર્ગ પર આગળ વધી શકી છું.

-શ્રી સ્નેહાદીદી મહેતા
(રાજકોટ)
L N L Didi

“ Look n Learn join કર્યા પછી મારામાં ઘણું પરિવર્તન સહજતાથી આવી ગયું છે. મારા સ્વભાવમાં positivity આવી ગઈ છે, **મારો shoppingનો શોખ ઓછો થઈ ગયો છે, ભૌતિક વસ્તુઓનું importance ઓછું થવા લાગ્યું છે, શાંતિનો અહેસાસ થાય છે.** Look n Learnમાં kidsની સાથે સાથે parent classમાં આવતાં parentsમાં પરિવર્તન જોઈ પરમ ગુરુદેવે આપેલું શાસનરક્ષિકાનું બિરુદ સાર્થક થતું જોઈ, આત્મસંતોષ થયાની અનુભૂતિ થાય છે.

-શ્રી શિલ્પાદીદી માંડવિયા
(અમરાવતી)
L N L Didi

“ Look n Learn join કર્યા પછીથી મારી બંને daughter અમને બંનેને પગે લાગીને જ schoolમાં જાય છે, આ એમનામાં મોટું પરિવર્તન છે.

-શ્રી મેઘાબેન ચિતલીયા
(L n L 2 - ચેન્નાઈ)
L N L Parents

“ Look n Learn join કરીને મારી daughterની inner qualities જેવી કે, આત્મવિશ્વાસ, સહનશીલતા, પ્રામાણિકતા, વિનય વગેરે up થઈ છે.

-શ્રી કેતનભાઈ મહેતા
(L n L, પારસધામ - રાજકોટ)
L N L Parents

“ મને ખૂબ ખુશી છે કે મારી daughter Global Pratikraman class join કરીને ઘણું બધું શીખી ગઈ છે.

-શ્રી જેકલીન સતરા
(L n L - Sharjah)
L N L Parents

Look n Learnમાં આવીને વધતી વય સાથે બાળકો Jainism, આત્મનિર્ભર બનવાનું, સેવા, બીજાને મદદરૂપ થવાનું શીખી રહ્યાં છે. Thank you so much to Look n Learn!

-શ્રી અંકિતાબેન શાહ
(L n L 2 - Dubai)
L N L Parents

“ My Son,Divyam Shah, started attending Look n learn at the age of three and initially focused on playing and receiving gifts. However, as he progressed, he began exhibiting positive behaviours such as helping his friends, observing discipline in the class, apologizing whenever necessary and caring for the environment by not wasting water and looking after plants and trees.

As he grew up, he successfully performed all the tasks given by Lnl didis such as assisting the needy, feeding the hungry, teaching namaskar mantra to domestic helpers, and so on.

Doing all these activities with the goal to 'increase the punya bank' as a child, have now become his nature.He memorized both Shree samayik sootra and shree pratikraman sootra and then Param Gurudev blessed him with the agna of learning sootras of Aagam. Under, Param Mahasatiji's guidance,he learned one adhyayan from Shree Acharang Sutra and multiple adhyayan from Shree Uttaradhyayan Sutra and slowly and steadily he started memorising several verses of the Jain Aagam scriptures with ease.

Apart from moral values and jain stories, Lnl is platform for the positive development of child by teaching them jain values and verses of the Aagam scripture.

Thereby Lnl is a medium of instilling positive values and teachings in children from a young age, and how such teachings can lead to meaningful transformations in their behavior and outlook on life.

In today's generation,while the children are busy singing songs from movies,I am blessed to have a child who recites verses of aagam in his free time and exhibits positive behaviour at all every situation.

Inspite of being his parents, we could not recognise Divyam's interest in learning the scriptures. It's possible that he may have learnt the scriptures in the past too. All that he needed was a slight push, and it was Param Gurudev's vision that evoked this interest in him through Look N Learn.

-Shree Jinaldidi Shah (Parent)
(Pawandham Mumbai)
L N L Parents

# ઈતિહાસનો સાદ... વિશ્વમૈત્રીનો પ્રતિસાદ






ભાગ-1 ભાગ-2 ભાગ-3 ભાગ-4 ભાગ-5

## જૈન દર્શનની ગરિમાના દર્શન કરાવે 'જૈન વિશ્વકોશ'

જગતની વાસ્તવિકતા, જગતનું પરમ સત્ય જૈન દર્શનમાં સમાયું છે. એવા જૈન દર્શનનો ઇતિહાસ સેંકડો કે અબજો વર્ષોનો નહીં પરંતુ અનંત-અનંતકાલીન છે. અંતરચક્ષુને ઉઘાડી દેનારી અનેક ઘટનાઓ, પ્રસંગો, ગૌરવવંતા પાત્રો, પૂર્વકાલીન જીવનશૈલી, કલા, શિલ્પ-સ્થાપત્ય, જ્ઞાન સમૃદ્ધિ, શાસ્ત્ર સમૃદ્ધિ આદિ અનેક પ્રકારનો ગૌરવવંતો વારસો જૈન દર્શનના ઇતિહાસમાં ધરબાયેલો છે.

જૈન દર્શનના ઇતિહાસની તે દરેક વિગતો, વર્તમાનકાળની દરેક વિગતો, જૈનોના દરેક ફિરકા અને સંપ્રદાયની માહિતીઓ સાથે હજારો વિષયોને એક સાથે સમાવી લેતી એવી અદ્‌ભુત ગ્રંથાવલી, જૈન દર્શનના અદ્યતન encyclopedia સ્વરૂપ વિશ્વમૈત્રીનો યોગ એટલે જૈન વિશ્વકોશ !

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની પ્રેરણાથી પદ્મશ્રી ડોક્ટર શ્રી કુમારપાળભાઈ દેસાઈ અને સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ બરવાળિયાની મહેનત-જહેમત સાથે છેલ્લા નવ-નવ વર્ષથી 100થી વધુ, વિદ્વાનો અને તજજ્ઞોના અપૂર્વ શ્રુતજ્ઞાનયજ્ઞની ફલશ્રુતિ તે જૈન દર્શનની સર્વપ્રથમ વિશ્વકોશ ગ્રંથાવલી !

### જૈન વિશ્વકોશની versatile glory :

અગિયાર વર્ષના સમયગાળામાં વિશ્વકોશ ગ્રંથાવલીના અગિયાર ખંડ-અગિયાર ગ્રંથ પ્રગટ કરવા સાથેના લક્ષનો આ project છેલ્લાં નવ નવ વર્ષના અથાગ પરિશ્રમ પછી પાંચ ખંડના પ્રકાશન અને 3 ખંડની printing process સાથે એક વિરાટ જ્ઞાનયજ્ઞ બની રહ્યો છે.

### તસ્વીરોથી સુશોભિત art paperમાં મુદ્રિત illustrated ગ્રંથાવલી :

વિવિધ જૈન કલા-કૌશલ્ય, ધર્મતત્ત્વ, સંસ્કૃતિ, ભાષા, સાહિત્ય, ધર્મ પ્રવર્તકો, દેશ-વિદેશની જૈન સંસ્થાઓ, વિવિધ ક્ષેત્રના વ્યક્તિ વિશેષ, જૈન પત્ર-પત્રિકાઓ, આચાર્ય ભગવંતો, દાનવીર ભાવિકો, જૈન ઉદ્યોગપતિ, વિજ્ઞાનીઓ, વિવિધ ક્ષેત્રના કલાવીર, રમતવીરો, લેખકો, વિદ્વાનો, સમાજસેવકો, દેશ-પરદેશના જૈન મંદિરો, તીર્થક્ષેત્રો, જૈન સંશોધન-શિક્ષણ સંસ્થાઓ, જૈન ગ્રંથો, જૈન પારિભાષિક શબ્દો, જૈન ગણિત, ભૂગોળ, ખગોળ, પર્યાવરણ, જૈન સંત-સતીજીઓની વિશેષતા, યુગપુરુષ, પંડિતો, શિલાલેખ, સ્થાપત્ય, તપસ્વીઓ, આગમગ્રંથો, ગ્રંથ ભંડારો, જિન પ્રતિમાઓ, museum આદિ અનેક versatilityથી ઉપયોગી બની રહી છે આ ગ્રંથાવલી !

### અમૂલ્ય યોગદાન:

જૈન વિશ્વકોશના આ વિરાટ જ્ઞાનયજ્ઞમાં નવ નવ વર્ષથી ભારતના 100થી વધુ વિદ્વાનો, વિદેશના 8 વિદ્વાનો, વિવિધ વિષયોના નિષ્ણાંતો, તજજ્ઞો તેમજ વિવિધ સંપ્રદાયના આચાર્ય ભગવંત, સાધુ- સાધ્વીજી ભગવંતોએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે.

આ project માટે મુંબઈ અને અમદાવાદની બે કાર્યરત office સાથે ભારત અને વિદેશની universityની જૈન chair, philosophy department, jainology અને અન્ય સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

જૈન દર્શનના ગૌરવવંતા વારસાના દર્શન કરાવતાં આ જૈન વિશ્વકોશને વાંચીએ, જાણીએ, અહોભાવિત થઈએ તેમજ તેના સર્જનમાં યોગદાન આપનારાની ભાવભીની અનુમોદના કરીએ.




# શ્રુત સ્વાધ્યાયની સાધના, જ્ઞાનમૈત્રીની સ્પર્શના



## 'પર'થી 'પર' કરાવી 'સ્વ'નો અધ્યાય કરાવે

જ્ઞાન તે આત્માનો ગુણ છે. આત્માનું raw material તે જ્ઞાન છે. જ્ઞાન એટલે સત્ય અને સત્ય એટલે જ જ્ઞાન. જ્યાં સુધી જીવને સત્ય ન જણાય, શું યોગ્ય અને શું અયોગ્ય ? શું પાપ અને શું પુણ્ય ? એની સમજ ન હોય ત્યાં સુધી જીવને શું ધર્મ કે શું અધર્મ એની ખબર ન પડે. માટે જ, ભગવાને કહ્યું, 'पढमं नाणं तओ दया।'

પહેલા જ્ઞાન, પછી જીવદયા. પહેલા જ્ઞાન પછી ધર્મ. પહેલા જ્ઞાન પછી આત્મ સાધના. આ સિદ્ધાંતના આધારે પ્રભુએ જગતના જીવોને સત્યનો બોધ પમાડવા માટે દેશના આપી. પ્રભુની એ દેશના 32 જ્ઞાન ગ્રંથોમાં ગ્રંથસ્થ કરવામાં આવી, લિપિબદ્ધ કરવામાં આવી, જેને 'આગમ' કહેવાય છે.

પરંતુ, પ્રભુના આગમ ગ્રંથો અર્ધમાગ્ધી, સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી અને ગુજરાતી ભાષામાં લખાયેલાં છે અને આજની તેમજ ભવિષ્યની વિશ્વ પ્રચલિત ભાષા English છે. તો પછી હિન્દી, ગુજરાતી કે સંસ્કૃત પ્રાકૃત ભાષા ન જાણનારા- સમજનારા લોકો આગમ કેવી રીતે વાંચી શકશે ?

મહાવીર કોણ હતાં ? સત્ય શું હોય ? ધર્મ કે અધર્મ શું હોય ? તે ભાવિની પેઢી કેવી રીતે જાણી શકશે ? એમના આત્માનું શું થશે ? આવી પરમ ગુરુદેવના અંતરની હિતચિંતામાંથી સર્જાયું આગમ ગ્રંથોને Englishમાં translate કરતું mission, પરમ પ્રકાશન.

સત્યના પ્રકાશન દ્વારા ભવ્ય જીવોની આંતરદૃષ્ટિને ઉજાગર કરાવી દેનારો જ્ઞાનમૈત્રીનો યોગ એટલે પરમ પ્રકાશન.

### જ્ઞાન ગ્રંથોનું reconstruction- આગમ English translation:

ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની સ્મૃતિમાં, તપસમ્રાટ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબના આશીર્વાદથી તથા ગુરુ પ્રાણ પરિવારના અપૂર્વ શ્રુત આરાધિકા પૂજ્ય શ્રી લીલમબાઈ મહાસતીજી આદિના વર્ષોના પુરુષાર્થથી ગુજરાતી ભાષામાં અનુવાદન પામેલા 'ગુરુ પ્રાણ આગમ બત્રીસી' ના 32 આગમ ગ્રંથોનું English translation 'પરમ પ્રકાશન' અંતર્ગત ચાલી રહ્યું છે.

### ભગીરથ પુરુષાર્થ:

પ્રભુ નિર્વાણના 980 વર્ષ બાદ મહાન આચાર્ય શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે પ્રભુના જ્ઞાનને કંઠસ્થ પરંપરામાંથી ગ્રંથસ્થ કરવાનો મહા ભગીરથ પુરુષાર્થ 500 આચાર્યો સાથે મળીને નિરંતર બાર -બાર વર્ષ સુધી કર્યો. એવો જ મહા ભગીરથ પુરુષાર્થ વર્તમાનમાં કરી રહ્યાં છે પરમ ગુરુદેવ આદિ સંત-સતીજીઓ.

સહજતાથી ન સમજી શકાય એવા આગમના પારિભાષિક શબ્દો, સૂત્રો અને

ભાવોની સહજ અને સરળ શૈલીમાં પરમ ગુરુદેવ દ્વારા સમજણ આપવામાં આવે, માર્ગદર્શન અને મૂંઝવણનું સમાધાન આપવામાં આવે. તે સમજણના આધારે પૂજ્ય સંત-સતીજીઓ દ્વારા આગમ ગ્રંથના એક-એક શબ્દોનું proof reading થાય, નાનામાં નાની mistakeના corrections કરાવવામાં આવે. એક-એક શબ્દનું English translation સાથે ગ્રંથનું rework અને re-designing થાય.

English અને ગુજરાતી ભાષાના કોઈક કોઈક શબ્દોમાં બહુ તફાવત આવતો હોય. ગુજરાતી ભાષામાં ટ અને ત જેવા અક્ષરો અલગ રીતે લખાતાં હોય પણ Englishમાં ત અને ટ માટે “T” letter જ વપરાતો હોય. આવા અનેક પ્રકારના differencesને solve કરવા માટે English standard tools સાથેની અર્ધમાગ્ધી અને પ્રાકૃત ભાષાની dictionary તૈયાર કરવામાં આવી છે. ઉપરાંતમાં, ગુરુ પ્રાણ આગમ બત્રીસીનાં ગ્રંથો શ્રી લિપિ અને akruti fontમાં print કરવામાં આવ્યા છે. પરંતુ English ગ્રંથો કોઈપણ system સાથે open થઈ શકે એના માટે translated matterને Unicode fontમાં convert કરવામાં આવે છે.

## પુરુષાર્થનું result:

આગમ ગ્રંથોની આવા પ્રકારની reframing માટે ઘણો બધો પુરુષાર્થ અને ઘણા બધા સમયનો ભોગ આપવામાં આવી રહ્યો છે અને કહેવાય છે ને ભોગ હોય ત્યાં જ ભવ્યતાનું સર્જન થતું હોય છે. એવી જ ભવ્યતાના સર્જન સ્વરૂપ પ્રભુના 32 આગમમાંના એક આગમ ‘શ્રી ઉપાસક દશાંગ સૂત્ર’નું English version ટૂંક સમયમાં publish થવા માટે આખરી ઓપ પામી રહ્યું છે.


## The treasure - પરમ પ્રકાશન:

ભગવાને કહ્યું છે ‘ज्ञानस्य फलं विरती,’ જેમ જેમ જ્ઞાન ઉપાર્જન થતું જાય એમ એમ સંસાર પ્રત્યેની ઉદાસી, સંસાર પ્રત્યેનો વિરક્ત ભાવ વધતો જાય. સત્ય જેમ જેમ સમજાતું જાય, એમ એમ અસત્ય સહજતાથી છૂટતું જાય.

અસત્યને સહજતાથી છોડાવી દેનારા અને સત્ય પમાડી દેનારા અમૂલ્ય ખજાના સ્વરૂપ છે, પરમ પ્રકાશન Mission દ્વારા પ્રકાશિત થયેલા જ્ઞાન પુસ્તકો !

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રગટ થયેલા આત્મહિતકારી






પ્રવચનો, પ્રેરક દ્રષ્ટાંતો, બોધ સૂત્રો, મહાપુરુષોના જીવન ચરિત્રો આદિના અક્ષરદેહ સ્વરૂપ પુસ્તિકાઓ અને ગ્રંથો આ missionના માધ્યમે સમયે સમયે પ્રકાશિત કરીને લોકાર્પણ કરવામાં આવે છે.

## પરમ પ્રકાશન આત્મહિતનું inspiration:

આત્માના અનંત હિતની પ્રેરણા આપતાં પુસ્તકોની શૃંખલામાં અત્યાર સુધી `સિદ્ધત્વની યાત્રા part 1-4', 'સચિત્ર સામાયિક સૂત્ર', 'સચિત્ર પ્રતિક્રમણ સૂત્ર', 'સ્વનો સ્વાધ્યાય', 'વિચાર શું ?', "Third Eye", 'માં-પરમાત્મા', 'સેવા એક સફળતા અનેક', 'દિવ્યાત્મા', `Jain Diksha', 'સવાસો ગાથા', 'સર્વથી દૂર, સ્વની નજીક', 'મારો વિનય', 'હસ્તાક્ષર', 'ગુરુ માર્ગ અને માર્ગદર્શક', 'પ્રભાવક પ્રસંગો', 'જતના', "Golden staircase", 'મારા માટે જ', 'તપસમ્રાટે મને કહ્યું', સ્વ સે સિદ્ધત્વ', "My self to My Soul part 1-2", "The Inner Journey", 'આગમ', 'શ્રી ઉપાસક દશાંગ સૂત્ર', "Pursuit of Eternal Bliss", "Guiding Light", "Divine Love", 'શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર', "The War Within", "stack of Thoughts", "Why & I", 'પરમ સાધના', 'પરમ પ્રેરણા', 'પરમ વિશ્વાસ', "પરમ અર્થ", આદિ 150થી વધુ પુસ્તિકાઓ તેમજ 'આરાધ્યમ્ ગ્રંથ', 'પરમ આરાધ્ય ગ્રંથ', "The Divine Journey" આદિ ગ્રંથો આત્મ જાગૃતિ કરાવી દેનારા 'સ્પંદન', 'વિચારવીજ', 'સંગ રહેજો' આદિ calendars સાથે દર મહિને 'જૈન ક્રાંતિ' અને "Look N Learn" magazine પ્રકાશિત કરવામાં આવે છે.

આગમ ગ્રંથો અને જ્ઞાનના આવા પુસ્તકોનું અનેક ભાવિકો દ્વારા વાંચન થાય, વાંચનના માધ્યમે સ્વાધ્યાયનો લાભ પમાય, વાંચન થાય તેટલી ક્ષણો સંસાર ભાવથી દૂર થવાય, આત્મભાવમાં રમણ થાય, કર્મ બંધથી બચી શકાય અને આત્મશુદ્ધિની પ્રેરણા દ્વારા આત્મ કલ્યાણનો માર્ગ પામી શકાય.

**For More Details**

+91 93274 84005

https://parasdham.org/wisdom/books/

# પરમની પ્રેરણા... સત્યમૈત્રીની અનુભૂતિ

SAMBODHI SATSANG

## સત્યનો સંગ કરાવે



કોઈપણ આત્માનું ઉર્ધ્વગમન કરાવવામાં કે અધોગમન કરાવવામાં કોઈક એક મુખ્ય તત્ત્વ ભાગ ભજવતું હોય તો તે હોય છે, નિમિત્ત. બે પ્રકારના નિમિત્ત હોય, સત્ નિમિત્ત અને અસત્ નિમિત્ત. સત્ નિમિત્તનો જો યોગ થાય તો જીવનો અનંત સંસાર તૂટી શકે. અને એક નાનકડા પણ અસત્ નિમિત્તનો યોગ જીવનો અનંત સંસાર વધારી શકે. આપણે સૌ નિમિત્ત આધિન જીવ છીએ. જેવું નિમિત્ત મળે એની અસરમાં આવી જઈએ.

પગલે પગલે પાપના નિમિત્તો-અસત્ નિમિત્તાથી ચાલી રહ્યો છે આ સંસાર. જીવને લોભાવી દેનારા- લલચાવી દેનારા અને આત્માનું અધોગમન કરાવી દેનારા આવા અસત્ નિમિત્તોની વચ્ચે જો ક્ષણ માટે પણ કોઈ સત્ નિમિત્તનો યોગ થઈ જાય તો, પરમાત્મા કહે છે, સંસારના 100 કાર્ય મૂકીને, તે સત્નો સંગ કરીને આત્માનું હિત કરી લેવું જોઈએ. સત્નો સંગ-સત્સંગ આ કાળમાં આત્મા માટે પરમ હિતકારી હોય છે.

સત્ય પમાડે તે સત્સંગ હોય. સત્યની પ્રાપ્તિ કરાવનારા, સત્ય વચનનું શ્રવણ કરાવનારા ગુરુ-પરમાત્મારૂપી સત્ નિમિત્તનો પ્રત્યક્ષ યોગ પ્રાપ્ત થવો તે પરમ પુણ્યનો ઉદય હોય. પરંતુ ગુરુ-પરમાત્મા જ્યારે અન્ય ક્ષેત્રમાં વિચરણ કરતાં હોય, એમનું પ્રત્યક્ષ સાંનિધ્ય પ્રાપ્ત થવું જ્યારે શકય ન હોય, તેવા સમયે પણ ભવ્ય જીવોને સત્સંગનો લાભ પમાડીને સત્યમૈત્રીની અનુભૂતિ કરાવતો પાવન યોગ એટલે 'સંબોધિ સત્સંગ Group'.

ભગવાન મહાવીરે કહ્યું છે, **'जं सेयं तं समायरे'**

તમારા આત્મા માટે જે શ્રેયકારી છે તેનું અનુસરણ કરી લો, સત્સંગ આત્માનું શ્રેય કરાવે, સત્સંગ આત્માનું કલ્યાણ કરાવે. પ્રભુના આ બોધને અનુસરીને સંબોધિ સત્સંગ Groupમાં પરમ ગુરુદેવના પ્રત્યક્ષ સાંનિધ્ય વિના પણ audio - videoના માધ્યમે સત્સંગ કરાવીને પ્રભુનો બોધ પમાડવામાં આવે છે.

### સંબોધિ સત્સંગનો Central idea:

સપ્તાહના એક દિવસ-દર ગુરુવારના દિવસે આ groupથી જોડાયેલા ભાવિકોને liveના માધ્યમે પરમ ગુરુદેવના બોધ પ્રવચનનો લાભ આપવામાં આવે. એટલે પોતાના ક્ષેત્રમાં ગુરુની પ્રત્યક્ષ ઉપસ્થિતિ ન હોવા છતાં liveના માધ્યમે ભાવિકો પ્રત્યક્ષ સત્સંગની અનુભૂતિ કરે, ગુરુ દર્શન અને ગુરુવંદનનો લાભ પામે અને પ્રભુ વચનનું શ્રવણ કરી ધન્ય બને. પરંતુ જ્યારે પરમ ગુરુદેવ વિહાર યાત્રામાં હોય અથવા live પ્રવચનનું આયોજન શકય ન હોય તેવા સમયે પૂજ્ય શ્રી પરમ મહારાજ સાહેબ અથવા પરમ મહાસતીજીઓના live પ્રવચન યોજાય અને જો એ પણ શકય ન હોય, પૂજ્ય સંત-સતીજીઓ પણ વિહારયાત્રામાં હોય એવા સમયે પરમ ગુરુદેવના શ્રીમુખેથી ફરમાવવામાં આવેલા recorded પ્રવચનનો લાભ આપવામાં આવે.

પ્રવચન પૂર્ણ થયા બાદ પરમ ગુરુદેવ દ્વારા પ્રશિક્ષિત દીદી તે પ્રવચનનો ન માત્ર સાર સમજાવે પરંતુ રસપ્રદ group quiz, જ્ઞાન ગમ્મત, practical પ્રયોગો અને powerpoint presentation દ્વારા તે દિવસના પ્રવચનના વિષયનું revision પણ કરાવે.

## ગુરુઆજ્ઞા:

ભાવિકોના આત્મહિત માટે એક ગુરુવારથી બીજા ગુરુવાર સુધીની પરમ ગુરુદેવ દ્વારા વિવિધ પ્રકારની આજ્ઞાઓ પણ આપવામાં આવે. ક્યારેક ઊંધા વસ્ત્રો પહેરવાની આજ્ઞા દ્વારા perfection અને વસ્ત્રના egoને તોડવામાં આવે તો ક્યારેક પશુ-પંખીને ભોજન આપ્યા પછી જ આહાર કરવાની આજ્ઞા દ્વારા પરોપકારની પ્રેરણા આપવામાં આવે.


છેલ્લા 14 વર્ષથી દેશ-વિદેશના અનેક centresમાં આ group દ્વારા સેંકડો-હજારો ભાવિકો સત્યની પ્રેરણા પામીને પોતાની આત્મદશાની શુદ્ધિનો વિકાસ કરી રહ્યાં છે.

આ missionના માધ્યમે સંસારના પાપમય વાતાવરણ વચ્ચે પણ ધર્મની અનુભૂતિ થાય, ગુરુ સાંનિધ્યની અનુભૂતિ થાય, ભાવોની શુદ્ધિ થાય, આજ્ઞાપાલનથી કર્મ ક્ષય થાય અને જ્ઞાનની પણ વૃદ્ધિ થાય એટલે કર્મ બંધ પણ ઘણે અંશે અટકી જાય.

આપણી આસપાસમાં એક દૃષ્ટિ કરીએ, કેટલાં અસત્ નિમિત્તો છે અને કેટલાં સત્ નિમિત્તો છે ?

## Online Sambodhi Satsang - વિદેશમાં પણ કરાવે સંયમીઓનો યોગ:

પૂજનીય સંત-સતીજીના દર્શન- વંદન - સત્સંગ અને પ્રભુ વચનોના શ્રવણથી વંચિત રહેતાં વિદેશના ભાવિકો માટે સપ્તાહમાં એકવાર અથવા કોઈ ક્ષેત્રમાં મહિનામાં એકવાર regular base પર online સંબોધિ સત્સંગ યોજાય છે. જેના અંતર્ગત પરમ ગુરુદેવ અને પૂજ્ય મહાસતીજીઓ દ્વારા વિવિધ વિષયો પર sessions લેવામાં આવે છે. આ missionના માધ્યમે વિદેશના ભાવિકો જોજન દૂર હોવા છતાં ગુરુ ભગવંત તેમજ સંયમી આત્માઓના દર્શન - વંદનના લાભ સાથે પ્રભુ વચનોનો લાભ પણ પામી શકે છે. ક્યારેક વિહાર યાત્રા હોવાથી પૂજ્ય સંત-સતીજીઓ માટે online session લેવા શક્ય ના હોય તો આ session પરમ ગુરુદેવ દ્વારા પ્રશિક્ષિત શાસન પ્રભાવકો દ્વારા પણ લેવામાં આવે છે. આ mission ના માધ્યમે વિદેશના ક્ષેત્રોના હજારો ભાવિકો ધન્ય બની રહ્યાં છે.





ઘર આંગણે On screen સત્સંગનો લાભ

**સત્‌ની દિશાને પામવા... આપણે પણ સંબોધિ સત્સંગમાં જોડાઈએ... આત્માનું શ્રેય કરી લઈએ !**

**For joining Sambodhi Satsang**

+91 86574 84483

https://parasdham.org/guru-aagna-swikar-vinanti/

**For joining Online Sambodhi Satsang**

+91 8657484497

online.sambodhi.satsang@parasdham.org

https://parasdham.org/online-sambodhi-satsang/

“ પરમ ગુરુદેવ ! આપની અસીમ કૃપા અને કરુણાને કારણે જ અમને આપના શિષ્ય બનવાનો એક સુવર્ણ અવસર મળ્યો છે. આપ અમારો આત્મા ગુણોથી ગુણવાન બને એવો સતત પુરુષાર્થ કરી અમારી ઉપર કૃપા વરસાવી રહ્યાં છો.

આપે જિનશાસનની પ્રભાવના કરવા માટે જે અમૂલ્ય તક આપી છે, એ બદલ દિલથી thank you so much.

**-શ્રી તેજલદીદી રવિભાઈ ગાંધી**
(મલાડ-મુંબઈ)

“ દુનિયામાં અસત્ નિમિત્તો વચ્ચે જ જીવન જીવીએ છીએ. કોઈક જ દિવસ એવી ક્ષણો મળે છે, જ્યારે સત્ નિમિત્તના પાત્રોને મળીએ છીએ. પરમ તત્ત્વ સાથે connect થવાનું આ શ્રેષ્ઠ માધ્યમ છે. પ્રભુ સાથે અને ગુરુ સાથેના વિચારોની ઐક્યતા કરાવનાર આ સત્સંગ છે.

**-શ્રી વિધિદીદી સુતરીયા**
(અમદાવાદ)

“ સંબોધિ ગુરુ આજ્ઞા સત્સંગ એ પ્રત્યક્ષ ગુરુ તત્ત્વની અનુભૂતિ કરવાનું માધ્યમ છે, જેનાથી આપણામાં રહેલ અનાદિકાળના અવગુણો, દોષોને જાણી અને તેનાથી મુક્ત થઈ શકીએ છીએ. જે આપણે નથી જાણતા તેવી વૃત્તિનુ પણ શુદ્ધિકરણ થાય છે. આજ્ઞા કોઈપણ હોય તેને કારણે આપણામાં સુસંસ્કારો દ્રઢ થાય છે. અસત્ નિમિત્તો, અવગુણો, દોષો,પાપકર્મો કેવી રીતે છૂટી જાય છે, તેની આપણને પણ ખબર નથી પડતી. આપણા શિષ્યત્વને ખીલવે છે.

**-શ્રી જીજ્ઞાદીદી કામદાર**
(રાજકોટ)

# મારા ભાવ, મારી અનુભૂતિ



“ સંબોધિ ગુરુઆજ્ઞા સત્સંગ મારા માટે ગુરુ સતત મારી સાથે છે એ વાતનો અહેસાસ છે અને મારા માટે પ્રભુના પગલે પગલે પા પા પગલી છે.

એકવાર મેં મારો એક અવગુણ message દ્વારા પરમ ગુરુદેવ સુધી પહોંચાડ્યો અને પછી સત્સંગમાં ગયા, ત્યારે પરમ ગુરુદેવની અસીમ કરુણાથી sessionનો topic એ જ હતો, જે ભાવ મેં પરમ ગુરુદેવ સમક્ષ વ્યક્ત કર્યા હતા.

**-શ્રી પૂનમદીદી ભરવાડા**
(રાજકોટ)

“ મારા માટે સંબોધિ ગુરુઆજ્ઞા સત્સંગ મારા ગુરુ સાથેના મિલાપનું માધ્યમ બન્યું અને તેમના વિરાટ અસ્તિત્વ અને અલૌકિક વ્યક્તિત્વ તરફ અભૂતપૂર્વ ખેંચાણ અનુભવ્યું. Lifeનો u-turn આવ્યો, જાણે ભવોભવના તરસ્યાને પાણીનો સ્ત્રોત મળી ગયો. સંસારના બીજા રાગ ઓછા થવા લાગ્યા, સંવેગ-નિર્વેદ ભાવ દ્રઢ થયા. સામાયિક અને પ્રતિક્રમણ કંઠસ્થ થયા, આત્મ સંસ્કારોનું ઘડતર થયું અને આત્મ કલ્યાણનો માર્ગ અને માર્ગદર્શન મળતું ગયું. આત્મગુણોની અભિવૃદ્ધિ થવા લાગી છે. Next birthનું future planning કરાવી પ્રભુ તરફ ગતિ કરાવી, સ્વયં પ્રભુ કેવી રીતે બનવું તે શીખવ્યું.

**-ગુરુભક્ત**

“ શિષ્યની ગુરુ પ્રત્યેની ફરજ, ગુરુ પ્રત્યેના વિનય ભાવને જાણવા મળ્યા. દેવ, ગુરુ અને ધર્મ સાથે જોડાયેલા રહેવાથી સંસારના સંબંધો ઓછા થયા, પરિણામે પરિગ્રહ ઓછો થયો. હવે next topic શું હશે ? તેની જિજ્ઞાસા રહે છે.

**-શ્રી ભરતભાઈ મહેતા**
(કોલકાતા)

“ કોઈવાર ભોજનમાં બીજાના હાથથી જમવાનું, જે થાળીમાં પીરસાય તે જમવાનું, એક વસ્તુ જ વાપરવાની, હાથનો ઉપયોગ કર્યા વગર જમવાનું. આવી ઘણી બધી આજ્ઞા જેનાથી આહાર પ્રત્યેની આસક્તિ તો છૂટતી જ હતી પણ હું બીજાના હાથથી કેમ જમું ? હાથનો use કર્યા વગર હું કેવી Animal જેવી લાગું ? આવા કોઈ વિચારો જ નહોતા આવતા, વિચારો આવતા હતા તો માત્ર એવા કે Thank you પરમાત્મા મને આ પાંચ ઇન્દ્રિય આપવા બદલ. આભાર તમારો કે Animal જેવી Life મારે જીવવી નથી પડતી.

આજ્ઞા પાલન જ મારો ધર્મ બની ગયો છે. એ આજ્ઞાનું પાલન મને પરમ આનંદ આપે છે. Thank you Gurudev!

**-શ્રી વિધિદીદી સુતરિયા**
અમદાવાદ

# સેવા સાધનાનો સાથ... ધર્મમૈત્રીનો સંગાથ

## શુભ ભાવોમાં રમણ કરાવે



જૈન દર્શન પ્રમાણે બે આત્મા કે બેથી વધુ આત્માની એકસરખી વિચારધારા, એકસરખી જીવનશૈલી, એકસરખી કાર્યશૈલી હોય તો તે આત્માઓ વચ્ચે ભવિષ્યના ભવોની સહકર્મિતા સર્જાઈ જતી હોય છે એટલે કે સામૂહિક કર્મબંધન સર્જાઈ જતા હોય છે.

સામૂહિક કર્મ બંધન શુભ પણ હોઈ શકે અને અશુભ પણ હોઈ શકે. ઘણીવાર ધરતીકંપ, પૂર, આગ કે મહામારી જેવી કુદરતી આપત્તિઓમાં કે પછી accident, building collapse જેવી હોનારતમાં એકસાથે સેંકડો - હજારોની સંખ્યામાં લોકો મૃત્યુ પામી જતા હોય છે. આવું કેમ બને? કેમ કે, તે બધા લોકોએ ભૂતકાળમાં સાથે મળીને કોઈ હિંસાચાર કે પાપાચાર કર્યો હોય, સાથે મળીને પાપની અનુમોદના કરી હોય તેમને અશુભ સામૂહિક કર્મબંધ થઈ ગયા હોય. એવી જ રીતે જે લોકો સાથે મળીને સત્કાર્યો કરતા હોય, સાથે મળીને સેવા, સાધના કે તપશ્ચર્યા કરતાં હોય એમને શુભ સામૂહિક કર્મનો બંધ થતો હોય છે.

પરમાત્મા કહે છે, કોઈક સત્કાર્ય હોય, કોઈ પુણ્યનું કાર્ય હોય, સેવાનું કાર્ય હોય કે ધર્મ સાધના કરવાની હોય ત્યારે પોતાની સાથે વધુ ને વધુ લોકોને જોડીને કરવી.

સેવા, વૈયાવચ્ચ, સાધના, જ્ઞાન આરાધના જેવી અનેક પ્રકારની સત્ પ્રવૃત્તિમાં અનેક ભાવિકોને જોડીને શુભ સામૂહિક કર્મબંધન કરાવનારો એવો જ ધર્મમૈત્રીનો શુભ યોગ એટલે, 'સોહમ મહિલા મંડળ'!

ગૃહસ્થ ધર્મની વ્યસ્તતા વચ્ચે અનેક બહેનો આ groupમાં જોડાઈને પોતાના જીવનને સાર્થક કરી રહ્યાં છે.

### સોહમ મહિલા મંડળની સેવા-સાધનાની all time સદાબહાર season:

સંત-સતીજીઓની વૈયાવચ્ચ, ગુરુ પરમાત્માની ભક્તિ, જ્ઞાનવૃદ્ધિની આરાધના, જીવ જતના, સેવા, માનવતા, પ્રભુના જ્ઞાનની પ્રભાવના, જીવદયા જેવી વિવિધ પ્રકારની સત્ પ્રવૃત્તિની સદાબહાર season સાથે ચાલી રહેલાં સોહમ મહિલા groupના અનેક sub groupની દરેક પ્રવૃત્તિઓ પ્રસંશનીય અને અનુમોદનીય બની રહે છે. જેમ કે,

### સોહમ વૈયાવચ્ચ group:

હજારો સંત-સતીજીઓની સંયમ સાધનામાં સહાયક બનતી અત્યંત અનુમોદનીય વૈયાવચ્ચનું કાર્ય કરતા પ્રશંસનીય આ group દ્વારા સમગ્ર મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મહારાષ્ટ્રના અનેક ક્ષેત્રોમાં કોઈપણ ગચ્છ-સંપ્રદાયના ભેદભાવ વિના પંચમહાવ્રતધારી સંત-સતીજીઓ પાસે જઈને એમના સંયમ જીવનના નિર્વાહ અર્થે વસ્ત્રથી લઈને દરેક પ્રકારના ઉપકરણો સહિત અનેક ઉપધિઓ વહોરાવવામાં આવે છે.

**આજ સુધી 5,000થી વધુ સંત-સતીજીઓને એમના સંયમમાં સહાયક ઉપકરણો વ્હોરાવવાનો લાભ લેવામાં આવ્યો છે.**

આ group દ્વારા થતી નિયમિત વૈયાવચ્ચની જાણ થતાં હવે અનેક ક્ષેત્રોથી સંયમી આત્માઓ દ્વારા પોતાની જરૂરિયાત સામેથી જણાવવામાં આવતાં તેમના ભાવિકોને groupના ઉપકરણ ભંડારમાંથી તે વસ્તુ આપીને અમૂલ્ય લાભ લેવામાં આવે છે. આ ઉમદા કાર્યમાં હવે બહેનોની સાથે પાવનધામ કમિટીના વૈયાવચ્ચ પ્રેમી ભાઈઓ પણ જોડાઈને ધન્ય બની રહ્યાં છે. ઉપરાંતમાં દીક્ષા પ્રસંગે મુમુક્ષુઓના પાત્રા, પછેડી આદિ રંગી આપવાની સેવા દ્વારા ધન્ય બને છે આ group !

## સોહમ જતના group:

ભાવિકો, પરમ ગુરુદેવ પ્રેરિત ધર્મસંકુલના ભોજનાલયમાં અનાજ, કઠોળ, મસાલા આદિ ખાદ્ય પદાર્થોને જતનાપૂર્વક સાફ કરીને જીવહિંસા ન થઈ જાય તેની તકેદારી રાખે છે.

## સોહમ ભક્તિ group:

દીક્ષા મહોત્સવ, તપોત્સવ, માંગલિક મહોત્સવ જેવા શુભ અવસરોમાં આ groupના ભાવિકો સાંજી સ્તવના કરીને સહુને ભક્તિભાવમાં ભીંજવી દે છે.

## સોહમ પરમ આરાધના group:

જીવનની અંતિમ ઘડીઓ ગણાતી હોય તેવા સાધર્મિક ભાવિકોના ઘરે જઈને આ groupના ભાવિકો અંતિમ ધર્મઆરાધના અને આત્મવિશુદ્ધિ



ઉપકરણ લઇ જાઓ, સુપાત્રદાનનો લાભ પામો


અનાજ વીણીને થતી જીવ જતના


સંત-સતીજીઓને વ્હોરાવવાના ઉપકરણો સાથે વૈયાવચ્ચ ગ્રુપ

